જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૧/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૩૫ લીટર દેશી દારૂ, ૨૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર, ૧ સાયકલ અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૧૨/૧૭

**વાડજઃ** દુષ્યંત બળાભાઇ પ્રજાપતિ (ઉ.વ.૪૨) (રહે. ક્રિશ રેસીડેન્સી-૧ નિકોલ નરોડા રોડ નીકોલ) એ તા.૩૦/૧/૧૭ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૯/૨૦૧૬ તથા તા.૨૮/૯/૨૦૧૬ નારોજ આશ્રમ રોડ ઇન્કમટેક્ષ સાકાર -૩ સામે સમૃધ્ધિ કોમ્પલેક્ષ ખાતે આવેલ દિનેશ મેટલ ઈન્ડસ્ટ્રીઝ નામની પોતાની ઓફિસમાં આરોપી નિલેષ પટેલ (રહે.સિગ્નેટ હાઉસ ધ બિઝનેસ હબ કોમ્પલેક્ષ પાસે જુના પાદરા રોડ વડોદરા) એ ટેલીફોન ઉપર વાત કરી ઓર્ડર આપી રૂપિયા ૬,૬૧,૦૫૯/- તથા રૂપિયા ૬,૫૮,૮૫૪/- નો માલ (પાઈપ) અલગ અલગ તારીખે મંગાવી માલ (પાઇપ) બારોબાર મેળવી લઇ પૈસા નહી ચુકવી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ખરસાણ ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૧૩/૧૭

**સરદારનગરઃ** જીગરભાઇ સૂર્યકાંતભાઇ વ્યાસ (રહે. આજાદ ચોક નરોડા દેરાસરની પાસે નરોડા ગામ) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧/૧૭ રાતના ૮/૦૦ થી ૮/૪૫ વાગ્યા દરમ્યાન ઇન્ટરનેશનલ એરપોર્ટના પાર્કિંગમાં પાર્ક કરેલ કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી આઇ ફોન ૪ એસ કિમત રૂપિયા ૪૨,૦૦૦/-, સેમસંગ ગેલેક્ષી મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી પી.જે.ખરસાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોનાનુ મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૪/૧૭**

**નિકોલઃ** અસ્મીતાબેન જયદીપભાઇ રાજાણી (ઉ.વ.૨૬) (રહે. સાઈ આસ્થા રેસીડેન્સી સૃષ્ટી રો હાઉસની અંદર અમરોલી રોડ સુરત) તા. ૩૦/૧/૧૭ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે નિકોલ રીંગરોડ વિસાલા સુપ્રીમ કોમ્પલેક્ષની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ અસ્મીતાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અસ્મીતાબહેન રાજાણીએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચાવડા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૧૫/૧૭**

**વેજલપુરઃ** મોહમદઇકબાલ બચુભાઇ શેખ (ઉ.વ.૪૨) (રહે.શરીફાબાદ સોસાયટી મંસુરી સોયટી સામે જુહાપુરા) એ તા.૩૦/૧/૧૭ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોહમદઇકબાલના પિતા બચુભાઇ શેખ તા.૨૫/૧/૧૭ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે વરખવાલા હોલની સામે આવેલ હોટલ દાનોપાની નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા મોટર સાયકલના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી બચુભાઈ શેખને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન તા.૨૯/૧/૧૭ નારોજ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ હે.કો.શ્રી શમશેરખાન અયુબખાન ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૧૬/૧૭**

માધવપુરાઃ ચંન્દ્રીકાબહેન વા\ઓ વિપુલસિંહ રાઠોડ (ઉ.વ.૨૫) (રહે.પોલીસ હેડ ક્વાટર્સ, શાહીબાગ) તા.૨૯/૧/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસના સ્ટવ ઉપર ચા બનાવતા હતા ત્યારે ગેસના સ્ટવને સાડી અડી જતા સાડીને ઝાળ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૩૦/૧/૧૭ કલાક ૮/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ શ્રી વી.એમ.ઝાલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૭/૧૭**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** રાકેશભાઇ ઇશ્વરભાઇ દરજી (ઉ.વ.૪૦) (રહે જુની પટેલ સોસાયટી બ્લોક નંબર-૨૨ મોહન સિનેમા સામે અસારવા) એ અગમ્ય કારણસર તા.૩૦/૧/૧૭ સાંજના ૬/૪૫ વાગ્યા પહેલા કોઇ પણ સમયે ગાધીબ્રીજ નીચે માસ્તર કોલોની પાસે સાબરમતી નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ અળખાભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)